ચંદ્રહાસ નાટકનાં ગાયનો.

છપાવી પ્રસીદ્ધ કરનાર,

C. C.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે બુકસેલર.

પુસ્તકાલય—અમદાવાદ.

અમદાવાદ.

શ્રી મુદ્રણકલામંદિર લીમીટેડ પ્રેસમાં છાપ્યાં.

આવૃત્ત પાંચમી   નકલ ૩૦૦૦

સંવત ૧૯૫૯   સને ૧૯૦૩

કીંમત બે આના.

ચંદ્રહાસ નાટકનો ટુંક સાર.

કેરલ રાજાનો તેના અઘટીત કાર્યના પ્રભાવથી શત્રુઓએ સંહાર કર્યો તેની પરમપ્રીય અરધાંગના પ્રભાવવાતી રાણી પોતાના એક માસના પુત્રને મુકતા દાસીને સોંપી સતી થઇ. મુકતા ચંદ્રહાસને લઇ કુંતલપુર ચાલી રહી, ત્યા એક દિવસ તેને સર્પ ડસવાથી મરણ પામી ચંદ્રહાસને નીરાધાર રખડતો જોઇ દુષ્ટ બુદ્ધી પ્રધાનનો પુત્ર મદન પોતાને ત્યાં જમવા તેડી ગયો ત્યા રૂષીએ તેનુ ભવિષ્ય ભાખવાથી પ્રધાનની દાનત તેને મારી નાખવા બગડી તેથી તેણે કપટથી મારી નાખવા જંગલમા મોકલ્યો પણ દયાળુ મારાઓએ તેની આંગળી કાપી છોડી મુક્યો તેને કુલીંદસોહ રાજા સીકારે ની-કળેલા હતા તેણે દીઠો. તેમને પુત્ર ન હોવાથી તે પોતાને ત્યા લાવી તેને ગાદી આપી ચંદ્રહાસની કીર્તી હવે વધવા લાગી એવામાં ખંડણી લેવા ત્યાં દુષ્ટ બુદ્ધી પ્રધાન આવ્યો તેને ચંદ્રહાસને દેખતાં ફરીવાર સળગી ઉઠયું તેમ તેણે વીષ આપવાની ભલામણની ચીઠી પોતાના પુત્ર મદન ઉપર લખી મોકલી પણ રસ્તામાં બાગમા વિષયાએ તેમાં (થા) વધારી દેવાથી મદને પોતાની બહેન તેને પરણાવી. આ વાત પ્રધાનને જાણ થતાં તે ખુબ ક્રોધે ચડયો. વળી ફરી જાળ પાથરી તેને મંદીરે મોકલ્યો પણ તેને મદન મળ્યો તે થાળ લઇ મંદીરમાં ગયો અને ચંદ્રહાસ રાજ મંદીરે ગયો ત્યાં તેના લગન થયાં પ્રધાનને ખબર મળતાં મંદિર પાસે ગયો તો પોતાના પુત્રની લાસ જોઇ છેટ તે પણ ત્યાં પડયો ચંદ્રહાસે છેવટે દેવીને પોતાનો ભોગ આપવા માંડયો ત્યારે દેવીએ સૌને સજીવન કર્યા ને ચંદ્રહાસને ગાદી મળી. છેવટે સત્યનો જય થયો.

પાત્રો.

પુરૂષ વર્ગ

ચંદ્રહાસ...	...	...	...કેરલ રાજાનો છોકરો
કુંતલરાય...	...	...	...કુંતલપુરનો રાજા
દુષ્ટ બુદ્ધિ ..	...	...	...કુંતલરાયનો પ્રધાન
મદન..	...	...	.. દુષ્ટબુદ્ધિનો પુત્ર
કુલિંદસીંહ...	...	...	...ચંદન નગરનો રાજા
ગાલવ ઋષી		...	...જ્ઞાની સાધુ

પ્રધાનો, બ્રાહ્મણો, છડીદાર, માળી વાણીયા વીગેરે,

સ્ત્રી વર્ગ.

મુક્તા...	...	...	...ચંદ્રહાસને પાળનાર દાસી
વિષયા...	...	...	...દુષ્ટબુદ્ધિ પ્રધાનની પુત્રી
ચંપક માલીની...		...	...કુંતલરાજાની પુત્રી
તારકા...	...	...	...મદનની સ્ત્રી

સખીમંડળ, દાસીઓ માલણ વીગેરે વીગેરે

ચંદ્રહાસ નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સૂત્રધાર—

ઓં હ્રી શ્રી શાંતિ જીન દેવા, મનન કરી કરૂ સેવા. ઓ૦
સ્તવન પુજનથી મીઠા મેવા, પ્રાપ્ત થવા બહુ નિશ્ચે દેવા,
ઇંદર ચંદર સુજન મંડળ, ચંદન ઘસત અંગે ચરચત,
પુજન કરત અક્ષત ધરત, જય જય જય ઓ૦
નવિન ન્હાને જેહ બનાવ્યું ચંદ્રહાસ ચરિત્ર મજાનું
કપટ ચપટ ઝપટ સપટ તરત બનત શઠજ ખપત
ફરે વિદિત, આ ચરિત્ર જય જય જય. ઓ૦

૨

(નેપથ્યમાં)-નિરાધાર નરવરને, અન્ન ધન દઇ સદા પાળો.
નટી-આ ઉદ્ગાર સુક્તાનો, સ્વામી અહીંથી સિધ હવે ચાલો.

૩

સુકતા—

દયાળુ દેવા ધ્યાન અરજ ધારો
ફુલસૈયામાં રમતો ફરતો સુવર્ણા ધારી
અતી અમુલખ આભુષણોથી દીપતો ભારી
તદન અંગ ફાટયાં કપડાં, પણ નથી વાહરી,

વખત આ સખત આવ્યો શું હું તો હીમત હારી
જીવ બળે છે મારો—અરજ ધારો દયાળુ૦
દુસ્મન દગાંથી લઇ નાઠી, આવી હું આહી.
પુનોદ્ધાર થશે એ આશા, ધારી મન માહી.
મેહેનત મજુરી કરતાં હે ઇશ અન્ન મળે નહીં,
અજબ ગજબ કેવો આજે ઢળી દુ:ખ શાહીં
ઇશ તેથી ઉગરો અરજ ધારો દયાળુ૦

ચન્દ્રહાસ— ૪

હાય ભીખ માગવા ઘર ઘર ભટકવું, એ મુજને ના રૂચેરે;
કીડીને કણ હાથીને મણ જે પ્રભુ આપે તેને મને આપતાં ખુટેરે;
હવે કદીના કરૂં હું યાચના ભલે કદાપી આ જીવ તુટેરે—હાય.
નીચપણામાં રડતાં આયુષ્ય દોરી છો છુટેરે —હાય.

મુક્તા— ૫

ધર્મવીર તું ધીરજ ધરને, અકળા ના અમથો;
વીર મરદ તુ હીમત વાળો, પહેરયો નથી કમખો;
ભલે દુ:ખ પડે તે સેહેવું, હાલતો છુપાઇ રહેવું.

ચંદ્રહાસ— ૬

માવડીં વિના હું હાય ક્યાં જઇ ઠરૂં ?
રહેવા પાસ દામ નથી, હાય શું કરૂં ?—માવડી
પાપી કાળ વેરી થયો માત મારી ઘેરી ગયો,
કાટવત જ્ઞાન થયો ? ક્યાં હવે ઠરૂં. માવડી૦

ગ્રહન... ૭

ગ્રાને તું; શાણા રૂદન કરે અમથો અહી?
જનાર હતી તે તો મુકી તને ચાલી ગઇ
હવે તો બરૂશો, રાખી પ્રભુનો રહે ભાઇ
ઓછવ આજે છે મુજ ઘેર જમવા ચાલ સહિ,

૮

ચંદ્રહાસ—

વાહવા મીઠાં ભોજન જમશું સરખે સરખા સાથે રમશું.
સીખંડ પુરી ખુબ સપાટી ભર્યું ભુખ્યું પેટ,
માલ મલીદા મળશે ખાવા નથી કરવાની વેઠ વાહવા.
બ્રહ્મ રૂષીનાં દરશન થાશે ગમ્મત પડશે ખુબ,
સહુ મંડપમાં શીરોમણ છું ભાગી મારી ભુખ. વાહવા.
મારી માફક અરે કોઇનાં મરશો ન માને બાપ,
પ્રભુ આશરો એક તમારો ટાળો તાપ અમાપ. વાહવા.

૯

બ્રાહ્મણો—

ગાલવ મુની આવે, દાન અમારૂ સત્વર અપાવો,
સંધ્યા સમય થયો છે ફોગટ બાપુ શીદને તપાવો,

૧૦

ચંદ્રહાસ—

આજે લાડવા મળ્યા હતા ગળ્યા ગળ્યા—આજે૦
સાકર પસવાં ખુબ નાંખી બદામની ન મુકી બાકી
ઘીતો હતું લસપસ ઉપર ભભરાવી ખસખસ,
સેલાં પાઘડી સાલ એને રૂપીઆ રોકડા મળ્યા—આજે૦
ઠીક મુનીએ મેળું મારસું એમા કામ મારૂં સારસું

એ મોટો એના ઘેરજ રહેશે,
વાહવા તાલનો પડી ગુલ સારા ફજ્યા—આજ૦

૧૧

દુષ્ટ બુદ્ધી—

હાય એ શું મારો જમાઈ થનારો મારૂ એને ઠાર.
ઠાર ઠાર ઠાર મારૂ ખાર ધારી અપાર—હાય.
રખડતો રઝળતો ભીખારી એ,
સંપતી સુતને મારી શુ લે,
નહી નહી નહી નહીં એવુ તો થનાર હાય૦
કપટ ઝપટ ખુબ લગાવી,
એને અહીં તેડી મંગાવી,
સોપી દઉં ચંડાળ હાથ કરશે એને પાર—હાય૦

૧૨

મદન—

ચંદ્રહાસ મીત્ર મારો, થાગે જીવ થકી પ્યારો—ટેક૦
તારા વીના મને ઘડી ગમે ના, માટે ના થા ન્યારો—ચંદ્રહાસ.
મુજ વારે રહેજે ખાજે, પીજે પહેરી પોશાક સારો ચંદ્રહાસ.
બાગ બગીચે સહેલ કરીશુ થઈ ઘોડા સ્વારો—ચંદ્રહાસ.

૧૩

ચંદ્રહાસ—

મીત્ર માનું હું એમાં ઉપકાર તમારો,
ગરીબ જાણીને કરો નીભાવરે મારો—મીત્ર૦
પણ તમારા તાતની મરજી પુછી છે,
નહી તો વળી તે તમોને આપશે ગાળો—

મદન—તાત માગ નહીં તને વહેલ માગ મીત્ર,
ધારની તે દુર કર જામીન હુ તારે—મીત્ર૦
ચાલ ચાલ નવી ટોપી આપુ પહેરવા.

૧૪

દુષ્ટ બુદ્ધી—
ઠીક એ હાથ તો આવ્યો છે.
કપટનો દાવ ખરેખરો મે તો જમાવ્યો છે—ઠીક૦
કાળી ચોદશે કાટલુ કરવા નીશ્ચે ધરાવ્યો છે—ઠીક૦
ચાર દહાડા એ લ્હેર છો કરે કાળ જમાવ્યો છે—ઠીક૦

વિષયા— ૧૫
નિકી વિદ્વાન દિશે એ ડહાપણનો ભંડાર,
શશી સમ સુંદર મુંખડું દીપે તેજ તણો નહી પાર,
નરમ વચનથી નેહ જણાવી વદે શુદ્ધ વિચાર
પાપ નથી રાખતો જરા એ છતાં કેવો હુશીઆર?
પ્રભુ પતી એ થાયજ મારો ધાર દયા દાતાર
એના વિના હું અન્ય પુરૂષો તાત ભ્રાત ગણનાર

ચંદ્રહાસ— ૧૬
પાંચે આંગળીએ જેણે પ્રભુને પુજ્યા હશે હરનીશ,
નૈવેદ્ય ફુલથી ભક્તિ કરીને જેણે રીઝાવ્યા ઈશ;
થશે સ્વામી તમારો એમાં જરી નથી સંદેહ,

વિષયા— ૧૭
ચતુર સ્વામી તું નહી મારો કાં ગઈ શુદ્ધજ્ઞાન;
મમ મન મંદીરમાં તું વસીયો ઠસીયા હે ભગવાન,

ના, મુકું તને ન્યાગે ખરો પ્યારો તુંમાહરો,

૧૮

ચંદ્રહાસ—

આવું બોલો શું વચન શું મનમાં ધાર્યું,
મને આળ દેવુરે પ્રકાશ થાય આ વાહ
તો ખીજે તમારો તાત, વગી ડપકો દઇદે લાત. આવું
હુ રંક પરદેશ રહેનારો ઓશીઆળો તમાનો
તેને મેણુ દેવા શુ ધરો આ,

૧૯

વિષયા—

ડર નહિ દિલ લગાર ચતુર નર ડર નહિ દિલ લગાર.
સ્થાપુ પ્રાણાધાર તને હુ સ્થાપું પ્રાણાધાર–ટેક૦
તેં મન મારૂં ! વચને હાર્યું, આગળ કર ના સુખ દેઉં સારૂ;
જરી દુભાવુ ના મન તારૂ, મન ગમતુ હું સઘવે અપાવું
લાડ પાડશી ખુબ રીઝાવું, ડર ના હિમત રાખ તારી મદદગાર હું છુ.
તારૂ નામ નથી દેનાર. કોઇ તારૂં નામ નથી દેનાર—તને હુ
ચંદ્રહાસ–પરોપકારી તમે છો ભારી, તમ પરવારી આ દેહ મારી
પણ પિતાની બીક છે ભારી, પણ વાત જાણે તો નાંખે મારી.
કાયા ચામડી લેજ ઉતારી, માટે મારૂં માની તમે આ વાત વિ.
હુ માનુ તમ ઉપકાર, અરે તને હુ માનુ તમ આભાર.

૨૦

વિષયા—

રે તાત એને જરીના ધમકાવો, ના ધમકાવો ના ગભરાવો,
ના અકળાવો ભલો બિચારો એ– રે તાત.
રેહેમ જરીએ એ પર કરીએ, દુખો હરીએ નવ કનડીએ.

હુકમજ એપર આવો લાવો, એ નથી માર–રે તાત૦
જુવો, બિચારો, થરથર ધ્રૂજે આંખ્યો મુન્જે, રડતાં ખુટે,
આસુ. એના હાલજ હાયે, થાયે કંપીત મનમાં–રે તાત૦

દુષ્ટ બુદ્ધિ— ૨૧

નક્કી વચન મુનીઓનું સાચું પડશે,
નહીં નહીં નહી, થાવા દઉ હદ—નક્કી૦
ઘરમા રાખે તો ઘર ઘાલે, માટે એને મોકલું કાલે;
માગ સાથે વન વિકાળે, ત્યાં તેને કરાવું હાર.
તો કાય કરાર થાય, ત્યા સુધી ના રેવાય. નક્કી૦

કુલીંહસીંહ— ૨૨

આજે જવુ શિકાર કરવા, આ પાસેના વનમા ફરવા,
પીડા રૈયતની હરવા, બનતા ઉપાયો કરવા. આજે૦
જેણે કંચનને ના પાળી, વૃથા કાયા રેખા જે જાળવી,
ફોગટ આયુ એણે ગાળી, જન્મ્યો મુરખ ફરવા, આજે.
ફરતા હરતા સતિ રહે છે, ચોર જુગારી વળી ડરે છે,
કીરતી વળી ઘર ફરે છે, માટે શુભ ઉપાય આ કરવા

વારાંગનાઓ— ૨૩

તાનોમ તાના વદીમનરે તાદરદાની, નાદરદરદાની, રતુમદાની,
તારે દાનીદીમ, કીમતના, દિમતાના, દિમતાના તારેદિમ,
તોમ તોમ તદરેના તનનનનનનન–તાનોમ–ટેક૦
ઉદેતન નિતતન તાનોમ તાનાદેરે, તાનાદેરના તાદરદાની.
દીદીમતારે તોમ ધાધી ધીકટધા ધમીકીટ ધીમકીટ,
ધુક ધીમીકીટ તકતાગ દીગનધા તકીકીટ ગદીગનધા,
તરકીટ ગદીગન ધાત્રાં, તરકીટ ગદીગનધા—તાનોમ૦

૨૪

આરાઓ—

પૈહા હાતર પાપ કરતા જરીન, આપણુ ડરીએ,
પૈહા હાતર ખુન કરતાં જરીના આપણુ ડરીએ,
છેતર છેડી છેડી થાકયા, પણ નશીબ ના પાકયા.
હવે હારી હરામના ધન લેવા તાકયા જરી ન ડરીએ;
ચોરી કર હું ચાડી કરહું કંઇ કરતા મળશે ધન,
પણ રાંડનુ નશીબ નથી ઉઘડતું કયમ વશ રાખીએ મન;
હવે હાલો હાલો આમ ઝટ કરી દઇએ કામ—પૈહા.

૨૫

ચંદ્રહાસ—

હાય સપડાયો હુ પાપીથી પ્રભુ કરજો મહારી સ્હાયે
પ્રભુ કરજો મહારી સ્હાયે
હવે આશરો ઈશ તારો નથી ડરવાનુ ક્યાંએ.
દુખ ભજન આંપણુ નામ ઘણાંનાં દુખો ભાગ્યાં
સુખકારક ભગવાન ઘણાને, સુખો સ્થાપ્યાં.
કોણ સુણી મારી દાદ, નથી કોઇ વ્હાલુ મારુ,
રે વ્હાલું મારૂં.
મુકી માત તાત પીતા નાનો સ્વર્ગે ચાલ્યાં,
પાળક મુકતા માતા તે પણ મુકી ચાલ્યાં;
સુખના દ્વારે હાય દીધાં છે શાને તાળા,
જુલમ જુલમ બહુ થાએ દયાળુ વ્હારે આવો.
કાળો કેર વરતાય, પ્રભુજી રહેમજ લાવો,
દયાળુ દયા લાવીએ નક્ર દાસને મરાવીએ.

અવાળુ મહેર લાવીએ કૃપા કરી બચાવીએ,
ઘણાક દાનની દયા, ધરી પ્રસન્ન ઇશ થયા,

છતાં મુજ પર શાને નજર ધરો તમે મયા ?
હું છું તમારો દાસ (૨) પ્રભુ ઉગારો પ્રભુજી ઉગારો,
દુષ્ટ બુદ્ધિ પ્રધાન દુશ્મન પાપી થયો મારો
હવે આશરો એક (૨) તે મુને રહયો તમારો
ફાવે તો કૃપા કરી ઉગારો કા મારો

૨૬

કુલિંદસીંહ

આ કોનો કુવર વનમાં, દુઃખી થાયે પવનમાં-આ કો૦
શશીસમ સુખકર મુખડુ જોતાં હેત આવે મનમા-આ
નિદ્રાવશ થયેલ નિરપરાધી દુખી દીસે તનમા-આ કો.
કદી પ્રભુએ મહારે માટે લાવી રાખ્યો આ રણમાં આ.

૨૭

ચંદ્રહાસ

પ્રભુ પિતા ધરતી માતા જ્યાં રહુ તેહ મુકામ
આપ જેવા સજનની સહાએ, સુખી ઠામે ઠામ
ફરતો ફરૂ ગામો ગામ, છે ચંદ્રહાસ મુજ નામ,

કુલિંદસીહ— ૨૮

ચાલ ત્યારે સાથ મારી ચતુર કુંવર તુ
તખ્ત લખત કરી તને સોંપી દઇશ હું
મારે મન કુંવર મારો નક્કી તુજ તુંજ છું

ચંદ્રહાસ—આપને ગણુજ હું સીરતાજ મારા હું

સીપાઇઓ—શાબાશ શાબાશ ! ધન્ય રાજધીર

કુલીદસીંહ—અશ્વ ઉત્તમ આ રહ્યો થા સ્વાર તું
આપણો હુકમ વડીલ શીર ઉઠાવું છુ

૨૯

વારાંગનાઓ—

આનંદ આ આનંદે જય વાધે તુજ આનંદે,
આ હા હા ઓ ઉજાશ થયો અધકાર ગયા નવ ભય ગયો
દુ:ખ જાતા સુખ થતા આનંદ દાતા મહમાતા,
હરખાતા ગાઓ નાચો સાની ધપ ગમરેલ
તાદીમ દીન્તા ધરકીટ તકધા,
તા ધીડાન ધીનડગ તરટટ લક—આનંદે,

દુષ્ટ બુદ્ધી ૩૦

અરે આતો મુજ દુશ્મન દેખુ નજરે,
તખ્તપર અત બેઠો નક્કી મન ખ્વાર કરે
કાંઈ યુક્તી કાહુ કાઢવુ તારે જીવ ઠરે,
હાં હાં ઠીક યાદ આવ્યુ એ ઉપાએ કામ પાર પડે,
પત્ર લખીને માનુ તે લઈ મદન તરફ પર જો
મદન વાચી મારો પાકી ચાટકી ત્યા કરે,

કુલિદસીંહ— ૩૧

નિચ હરામી દગાખોરીઆ પાપ તારૂ તુજને નડશે,
કપટે કુવર બહાર કાઢી મને આવી રીતે કનડશે
ક્યાંથી તું ડરશે વણુ મોતે નક્કી મરશે.

૩૨

ચંદ્રહાસ—

સુંદર ઉપવન રમણીક આંહી વિશ્રાંતીવાં લેવી:

તાપ હાલ સખત પડે છે માટે સીતળ પવન સેવી,
પછી શેહેરમાં પ્રવેશ કરવો વખત હજુ છાજે:
મંદ મંદ લ્હેરો આવે પ્યારા વાયુથઇ તાજો
પેલા આસો પલ્લવ નીચે ઠીક મઝા પડશે,

૩૩

વિષયા—

આતો જોતાં પ્રેમ ઉપજે કોણ હશે એવો
પત્ર કસેથી છોડી એના સાર એનો લેવો
મુજ તાતના અક્ષરમાં છે વાંચ્યું લખ્યું કેવો,
અરે ભુલ મોટી કરી એમણે 'ય' વધારી દેવા.
અંજન ઉતમ આ વખતે તું કામ લાગ્યો કેવો,
ઉપકાર તારો કદી ન ભુલું તું વ્હાલા જેવો.
મ્હેર કરીને પાર ઉતારો કામ મારૂં દેવો,
ભાગ્ય તમારી જાણી મુજને મળો વર એવો.

૩૪

ચંદ્રહાસ—

વખત ઘણો ગુમાવ્યો નીદ્રાધીન થઇ મેં આ વાડીમાં,
ચાલ હવે જલદીથી શહેરમાં બેસી ગામડીમાં.

૩૫

મદન—

ભલે આવ્યા આનંદ મારે મનરે,
ધણું આજનો દિવસ ધન ધનરે
રંગે મંગે કરીશું સત્વર લગનરે;
પ્રભુ ટાળે તમતણાં સર્વે વીઘનરે,
જાઓ જોષીને જલદી બોલાવો લગ્ન સામગ્રી સર્વે લાવે:

અવસર ફરી ફરી નહીં આવે મળે માટે બેસો લ્હાવા,
નોકરો—જેમ હુકમ સરકાર ફરમાવો સત્વર કરીએ આ ક્ષણે રે—મ

૩૬

ચંદ્રહાસ—

મળ્યા છો રે પ્રીયા આજે મન ગમતાં આનંદ દહાડો છે મારે
બાળ વયે બહુ દી ભેગા રમ્યાં જમ્યાં હોશે,
આશા હતી તે કે કોઇ દીન પ્રભુ મુજ સામે જોસે,
તે તમે પ્રાપ્ત અચાનક થયાં હર્ષ વધ્યો ભારે—મળ્યાં૦

વીષયા—તે દી તો સમજાતી મુને સટકી ગયા ત્યાં લાલ,
હવે કદી ના કરશું અળગા અવએસા કો કાળ,
મહા મહેનતે આવ્યા કુશળ આપજ મમ વ્હારે—મળ્યાં૦

૩૭

દુષ્ટબુદ્ધી—

નખોદ મદનીયા તેં તો વાળ્યુ દીકરી દુસ્મનને દીધી,
હાય હૈયાફુટ કેવી વાંચી લાવ મારી ચીઠી.

મદન—પીતા ધમકાવો ફોગટનો એ નહી તમારી રીતી,
લખ્યા મુજબ મેં સૌ કીધુ નથી ચુકયો નીતી.
દ્રવ્ય ખરચ્યામાં કંજુસાઇ નથી કીધી રાખી તમ નીતી,
દાન માનને સાસ વાસો શુભ કીધાં નીમળી નીતી.
મહારાજાને મહેલે બોલાવી કન્યાદાન દેવરાવ્યું,
જય જયકાર નગરમાં વરતાવી નાણું ખુબ વહેવરાવ્યું.
તોએ ઠપકો દંડ આપ્યો, વાહ કેવું ડહાપણ આતો ?

૩૮

ચંદ્રહાસ—

નાશ દુસ્મનનો આમ થશે, સત્યનો વિજય થશે,

બહાર અહીંને સ્હાય કરી છે મારી તે પ્રભુ,
શા રીતે તારા ગુણનું વરણુન અહીં ઓચરૂ--નાશ૦
પ્રીતિયા--મુખથી સ્વામી પાછા આવ્યા મને ફળ્યો સુરતરૂ,
આનંદ આનંદ ઉતમ આનંદ ધન્યાનદ કરૂ ..નાશ૦

દ્રશ્ય

કંતલરાય--

પુત્રી મારી હંસે પરણાવી જમઇ રાખુ મહેલે હું લાવી,
રાજપાટ સોપને ભળાવી જઇ જગલે અલખ જગાવી
વૈરાગ્યધ્યાન સદા અમે કરશું ધ્યાન શ્રી પ્રભુજીનુ ધરશું
મોક્ષ પદવી એથી કહી વરશું જન્મ સફળ મારા કરશું

સમાપ્ત

ટીપો

[illegible]

આ આવ્યો છે તે આ ભાગમાં બીજા પુસ્તકો ટકનાં આવી [illegible]

[illegible] પુસ્તક ખરીદી [illegible] કરે છે કે [illegible] પુસ્તકો [illegible] (કિંમત રૂ. ૧-૦-૦) [illegible]

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, બુકસેલર

ઠે. રતનપોળ, અમદાવાદ.